# આપણું યુજીવીસીઓલ

અંક-૧, ઓગસ્ટ ૨૦૧૦

## આપણો આ કાર્યસંકલ્પ!

# જ્યોતિર્મય ગુજરાત

# પ્રગતિશીલ ગુજરાત






''ઊર્જા શક્તિ''
ઉજવણીનો પ્રારંભ...



સરસ સારસના
સંરક્ષણનો પ્રયાસ



ટાઇમ મેનેજ કરો
આ રીતે...



ચાલો, ઊર્જાજ્ઞાનની
રોમાંચક સફરે...

# આ અંકમાં


વર્ષ-૧ અંક-૧, ઑગસ્ટ ૨૦૧૦

ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**

**શ્રી એ. કે. વર્મા, આઈએફએસ**

**મેનેજિંગ ડિરેક્ટર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**સંપાદક**

શ્રી કિંજલ સથવારા, મેનેજર (કોર્પોરેટ કોમ્યુનિકેશન)

શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**

શ્રી એમ. જી. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)

શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (પી. એન્ડ પી.)

શ્રી આર. બી, કોઠારી, જનરેલ મેનેજર (ફાઇનાન્સ)

શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી

શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક

શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી

શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા

શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,**

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ

વિસનગર રોડ, મહેસાણા-૩૮૦૦૦૧

www.ugvcl.com

**સંકલન અને સર્જન**

હિમાંશુ કીકાણી, www.aalekhan.com


## આ અંકમાં


**સંદેશ..........૦૩**

**કંપની સમાચાર..........૦૪**

‘નીડ ફોર એનર્જી ઓડિટ’ વિષય પર સેમિનાર... ૦૪

યુજીવીસીએલને આઇસીડબલ્યુએઆઇ તરફથી ‘ગુડ પરફોર્મન્સ એવોર્ડ’..........૦૫

‘‘ઊર્જાશક્તિ’’ માસની ઉજવણીનો પ્રારંભ : ‘સ્વર્ણિમ કળશ’નું અનાવરણ..........૦૬

‘સ્વર્ણિમ ગુજરાત ઊર્જાશક્તિ’ માસ..........૦૭

સ્વર્ણિમ વર્ષ ઉજવીએ, ઊર્જાને સમર્પિત થઈને : મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે.વર્મા..........૦૭

અમદાવાદમાં યોજાઈ કન્ઝ્યુમર મીટ..........૦૮

જીયુવીએનએલના એમડી હિંમતનગરની મુલાકાતે..........૦૮

સ્વર્ણિમ ઉજવણીના ભાગરૂપે બોડી ચેક-આપનું સફળ આયોજન..........૦૮

કર્મચારીઓએ રક્તદાન કરીને ભાગ લીધો સ્વર્ણિમ ઉજવણીમાં..........૦૮

**સેક્ટર સમાચાર..........૦૯**

પાવર સેક્ટરમાં દેશની પ્રગતિ..........૦૯

દેશનો પ્રકાશ વિદેશમાં ફેલાયો..........૦૯

**સીએસઆર પહેલ..........૧૦**

સરસ સારસના રક્ષણ માટે પ્રશંસનીય પ્રયાસ.......૧૦

**કંપની માહિતી..........૧૨**

પ્રગતિને પંથે યુજીવીસીએલ..........૧૨

**કાવ્યધારા..........૧૫**

**પાવર પ્રેરણા..........૧૬**

સમયની કિંમત..........૧૬

ટાઇમ મેનેજ કરો, આ રીતે... ..........૧૬

વરસાદની ઋતુમાં ઇલેક્ટ્રિક સેફ્ટી ટિપ્સ ..........૧૭

**પાવર કિડ્ઝ..........૧૮**

ચાલો, ઊર્જાજ્ઞાનની રોમાંચક સફરે..........૧૮

આવો, સરળ ભાષામાં સમજીએ સોલર એનર્જી.....૧૯



ઑગસ્ટ મહિનો આપણે **'ઊર્જા શક્તિ માસ'** તરીકે ઉજવ્યો છે ત્યારે મારી આપ સૌને હાર્દિક અપીલ છે કે આ પહેલ આગળ ધપાવીને આપણે સૌ **'જ્યોતિર્મય ગુજરાત અને પ્રગતિશીલ ગુજરાત'** માટે કાર્યરત થઈએ.

**પ્રિય મિત્રો,**

આપને અને આપના સૌ પરિવારજનોને 'ઊર્જા માસ'ની હાર્દિક શુભેચ્છાઓ!

ગુજરાતની સ્વર્ણિમ ઉજવણીના ભાગરૂપે ઑગસ્ટ મહિનો આપણે 'ઊર્જા શક્તિ માસ' તરીકે ઉજવ્યો છે ત્યારે મારી આપ સૌને હાર્દિક અપીલ છે કે આપણે સૌ આ પહેલને આગળ ધપાવીને 'જ્યોતિર્મય ગુજરાત અને પ્રગતિશીલ ગુજરાત' માટે કાર્યરત થઈએ.

આપ જાણો છો તેમ, યુજીવીસીએલમાં આપણે ભૂતકાળમાંથી બોધપાઠો મેળવી, વર્તમાનમાં સંપૂર્ણ કર્તવ્યનિષ્ઠા દાખવીને ભવિષ્ય માટે સુદૃઢ પાયો ઊભો કરવાની કાર્યનીતિ અપનાવી છે. એ દૂરંદેશીને આગળ વધારતાં, આપણી કંપનીની એક નવી પહેલ સમાન આ ઇ-ન્યૂઝલેટર, આપની સમક્ષ રજૂ કરતાં હું અત્યંત આનંદ અનુભવું છું. યુજીવીસીએલ કદાચ ગુજરાતના જાહેર ક્ષેત્રની એવી પ્રથમ કંપની છે જેણે નવી ટેક્નોલોજી અપનાવીને પર્યાવરણને સાનુકૂળ ઇ-ન્યૂઝલેટર તૈયાર કરવાની પહેલ કરી છે.

આપ આગળનાં પાનાંઓમાં જોશો તેમ, આ ઇ-ન્યૂઝલેટર આપને અનેકવિધ પ્રકારના સમાચાર, માહિતી અને વિચારભાથું પૂરાં પાડશે. તેમાં 'ઊર્જા શક્તિ માસ'ની ઉજવણીની વાત છે, તો કંપનીની સીએસઆર પહેલરૂપે સારસ પક્ષીના સંરક્ષણ માટે કંપનીએ લીધેલાં પગલાંની માહિતી પણ છે. કંપનીની કામગીરી અંગેની વિવિધ માહિતી તેમાં વણી લેવાઈ છે તેમ ઊર્જા સંબંધિત નવી નવી માહિતીને પણ આ ઇ-ન્યૂઝલેટરમાં સ્થાન અપાયું છે. આપણા કામકાજમાં પ્રેરણારૂપ બને તેવા લેખ ઉપરાંત, આપણું ભવિષ્ય જેમના પર નિર્ભર છે એ બાળકોને ઊર્જાજ્ઞાન પીરસતી રોમાંચક વાતો પણ આ અંકમાં છે.

ટૂંકમાં, આપ સૌને અને આપના પરિવારજનોને કંપનીની નીતિ, પહેલો અને કાર્યો વિશે પૂરતી માહિતી મળે, આપણે સૌ એકમેકની વધુ નજીક આવીએ અને આપણાં કર્તવ્યો વધુ સારી નિભાવી શકીએ એ આ ઇ-ન્યૂઝલેટરનો હેતુ છે. આ પહેલ આપણા સૌની છે, આપ તેમાં જેટલા વધુ સહભાગી થશો તેટલો સૌને વધુ લાભ મળશે.

ફરી એક વાર, હાર્દિક શુભેચ્છાઓ સાથે,



**એ. કે. વર્મા,** આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# 'નીડ ફોર એનર્જી ઓડિટ' વિષય પર સેમિનાર

**પ્રથ્વીના પેટાળમાંથી કુદરતની ઊર્જા ખાલી થઈ જાય ત્યાં સુધી આપણે બેદરકાર રહીએ તેના કરતાં આવશ્યક ઊર્જાનો સંચય કરી રાજ્યને પ્રગતિમય બનાવીએ**




ઉદ્‌ઘાટન સમારોહમાં સંબોધન કરતા ઊર્જામંત્રીશ્રી

ઊર્જા ઉત્પાદન અને ઊર્જા બચત એમ બંને બાબતમાં ગુજરાતનો અશ્વ સમગ્ર દેશમાં અગ્રેસર રહે તેવા પ્રયાસો કરવાનો અનુરોધ કરતાં ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે ''ઊર્જા વિકાસના અભિનવ અભિયાનથી ગુજરાતમાં જ્યોતિગ્રામ ચળવળે ૧૮૦૦૦ ગામોમાં દિવડાને વિદાય આપી છે અને હવે ટ્યુબલાઇટથી ઝળહળતાં થયાં છે ત્યારે ઊર્જા બચત માટે આપણે સૌએ ભેગા સ્વયંશિસ્ત કેળવવી પડશે.''

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઉજવાઇ રહેલ ઊર્જા શક્તિ માસ અન્વયે યોજાયેલ 'નીડ ફોર એનર્જી ઓડિટ' સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતાં શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે 'ગુજરાત જેવા વિકસિત રાજ્યમાં ઊર્જા બચતનું ખાસ મહત્ત્વ છે કારણ કે ઊર્જાની જેટલી બચત થશે તેટલો ઔદ્યોગિક વિકાસ ઝડપી બનશે અને તેથી એનર્જી ઓડિટર્સ દ્વારા તાલીમ પામેલા લોકો વીજગ્રાહકની મુલાકાત લઇ ઊર્જા બચતની સમજ આપે તો ગુજરાતનો દરેક નાગરિક વીજળીની બચત કરવા આગળ આવશે.

ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે 'વિદ્યુત નિરીક્ષણ કચેરી દ્વારા ૪૯ જેટલા ઓડિટરોને ફરજિયાત ઊર્જા ઓડિટ માટે અધિકૃત કરી ૭૦૦૦ જેટલા ગ્રાહકોને આવરી લેવાયેલ છે જેના કારણે ૨૦૦૨૯-૧૦૨૦માં ૪૨૮૪ જેટલા ગ્રાહકોનું ઓડિટ કરતાં ૧૧૯૯ મી.યુ. વીજ બચાવવાની સંભાવના રહેલી છે. જ્યારે ઉદ્યોગો દ્વારા કરવામાં આવેલ વીજ બચતના સર્વે કરતાં ૨૫ જેટલા મોટા એચટી ગ્રાહકો દ્વારા લાગતા ૨૪ મેગાવોટ જેટલી વીજબચત કરવામાં આવી છે જે એક આવકાર્ય બાબત છે.''

રાજ્ય સરકારે ૨૦૦ કે.વી.એ.થી વધુ કોન્ટ્રાક્ટ ડિમાન્ડ ધરાવતા ઔદ્યોગિક ગ્રાહકોએ અને ૭૫ કિ. વોટથી વધુ માગ ધરાવતા વાણિજ્ય ગ્રાહકોએ દર ત્રણ વર્ષે એક વાર ફરજિયાત એનર્જી ઓડિટ કરાવવાનું શ્રી પટેલે જણાવ્યું હતું.

ગુજરાતની જ્યોતિગ્રામ યોજના સમગ્ર દેશ માટે વીજ સુધારણાનું એક રોલ મૉડેલ છે. અંધકાર દૂર કરીને જ્યોતિર્મય કરાયાં છે અને આ યોજનાની સૌથી મહત્ત્વની બાબત દરિયામાં આવેલા બેટ દ્વારકાના ટાપુ ઉપર રૂા.૩.૫ કરોડના ખર્ચે વીજપૂરવઠો પૂરો પાડ્યો હોવાનું ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું.

શ્રી સૌરભ પટેલે વધુમાં જણાવ્યું હતું કે ''ઊર્જાનું સર્જન જેટલું મહત્ત્વનું છે તેનાથી વધારે મહત્ત્વ તેના સંચયનું અને બચતનું છે કારણ કે ગુજરાત રાજ્યમાં માથાદીઠ વપરાશ ૧૪૪૬ યુનિટ છે જેની સામે રાષ્ટ્રીય સરેરાશ ૬૦૦ યુનિટ છે. ત્યારે ઊર્જા માટે જનજાગૃતિ અભિયાન હાથધરી આપણી અમૂલ્ય સંપત્તિને બચાવી લઇએ કારણ કે પૃથ્વીના પેટાળમાંથી કુદરતની ઊર્જા ખાલી થઇ જાય ત્યાં સુધી આપણે બેદરકાર રહીએ તેના કરતાં આવશ્યક ઊર્જાનો સંચય કરી રાજ્યને પ્રગતિમય બનાવીએ. ઊલેખનીય છે કે ગુજરાત ઊર્જા દિવસ એટલે કે વિદ્યુતબોર્ડે તેના થર્મલ પાવર સ્ટેશનોનું ઓડિટ કરાવતાં ૨૩.૫૫ યુનિટ વીજળીની બચત એટલે કે ૪ મેગા વોટની બચત થઇ શકી હતી અને તે માટે ૧૩૦૦૦ ટન જેટલો કોલસો બચત કરી શકાયો હતો.''

આ પ્રસંગે વરિષ્ઠ ઉદ્યોગપતિ શ્રી કરસનભાઇ પટેલે જણાવ્યું હતું કે ''માનવીનું જીવનધોરણ ઊંચું જતાં વીજવપરાશ વધ્યો છે ત્યારે આપણે આધુનિક જીવનશૈલીની સાથે પ્રાચીન જીવન સંસ્કૃતિ અપનાવવી પડશે. આ પ્રસંગે યુજીવીસીએલના ચેરમેન શ્રી મોહાપાત્રએ ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં વીજ બચતનું મહત્ત્વ સમજાવ્યું હતું.

આ સેમિનારમાં શ્રી એમ. જી. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી તેમ જ અન્ય ઉચ્ચ અધિકારીઓ તથા એનર્જી ઓડિટરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઊર્જા બચત વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ■

# યુજીવીસીએલને આઈસીડબલ્યુએઆઈ તરફથી 'ગુડ પરફોર્મન્સ એવોર્ડ'

યુજીવીસીએલને આઈસીડબલ્યુએઆઈ તરફથી પબ્લિક સર્વિસ સેક્ટર - લાર્જ - એક્સિલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ - ૨૦૦૯નો 'ગુડ પરફોર્મન્સ એવોર્ડ' આપવામાં આવ્યો છે.

ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસી-ડબલ્યુએઆઈ) વર્તમાન કોસ્ટ મેનેજમેન્ટ પ્રેક્ટિસ અને કોસ્ટ મેનેજમેન્ટ માટે નવી ટેકનિકો અને સાધનો ઉપલબ્ધ કરાવે છે. સંસ્થાના હેતુને ધ્યાનમાં રાખતાં આઈસીડબલ્યુએઆઈ દ્વારા આઈસીડબલ્યુએઆઈ 'નેશનલ એવોર્ડ ફોર એક્સિલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ'ની શરૂઆત કરવામાં આવી છે.

એવોર્ડ માટે એક એવી પદ્ધતિ અપનાવવામાં આવી છે જેમાં કોસ્ટ મેનેજમેન્ટ પ્રેક્ટિસને લગતી એક પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી છે. આ પ્રશ્નાવલિ વિવિધ સંસ્થાનો તરફથી આવ્યા પછી સંસ્થાના વિવિધ વ્યાવસાયિકો નિર્ધારિત માનકોના આધારે કંપનીઓને શોર્ટલિસ્ટ કરે છે. સ્ક્રીનિંગ કમિટિ તરફથી શોર્ટલિસ્ટ થયા પછી ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ, જસ્ટિસ શ્રી જે. એસ. વર્માના નેતૃત્વમાં રચાયેલી જ્યુરી દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવે છે.

સ્ક્રીનિંગ કમિટિએ યુજીવીસીએલને એવોર્ડ આપવા માટે પસંદ કરી છે જે તેની વિવિધ કોસ્ટ રીડક્શન ટેકનિકો જેવી કે વેરિયન્સ એનાલિસિસ, બજેટિંગ, ઈન્વેન્ટરી કન્ટ્રોલ ટેકનિક્સ, ફંડ મેનેજમેન્ટ, એરીયર્સ રીડક્શન, સપ્લાય ચેન મેનેજમેન્ટ કન્સેપ્ટ વગેરે પર આધારિત છે. યુજીવીસીએલને પબ્લિક સર્વિસ સેક્ટર - લાર્જ કેટેગરીમાં મળેલો 'ગુડ પર્ફોર્મન્સ એવોર્ડ' ૨૦૧૦ના જૂન મહિનામાં ઘોષિત થયો હતો.

આ એવોર્ડ પ્રાઈવેટ અને પબ્લિક એમ બંને ક્ષેત્રની કંપનીઓને આપવામાં આવે છે. જે અન્ય કંપનીઓને એવોર્ડ્ઝ મળ્યા છે તેમાં પ્રાઈવેટ સેક્ટરમાં એલજી ઈલેક્ટ્રોનિક્સ (ઈન્ડિયા) પ્રા. લિ., વર્લપુલ ઓફ ઈન્ડિયા લિ., શ્રી સીમેન્ટ લિ., એસીસી લિ., સબરોઝ લિ., એવરેસ્ટ ઈન્ડસ્ટ્રિઝ લિ., રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., એલ એન્ડ ટી શિયોડા લિ. અને પબ્લિક સેક્ટરમાં બીએચઈએલ (ભેલ) ઈન્ડિયા લિ., રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિ. જેવી વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઓ સામેલ હતી.

પબ્લિક સર્વિસ સેક્ટર - લાર્જ કેટેગરીમાં પીજીવીસીએલ અને યુજીવીસીએલ, ગુજરાત રાજ્યની પીએસયુને આ કેટેગરી માટે પસંદ કરેલ છે અને યુજીવીસીએલને ગુડ પરફોર્મન્સ માટે એવોર્ડ આપવામાં આવેલ છે. ગુજરાતની એક માત્ર કંપની યુજીવીસીએલની આ કેટેગરીમાં પસંદગી થઈ છે. ■

**આ એવોર્ડ માટે ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ, જસ્ટિસ શ્રી જે. એસ. વર્માના નેતૃત્વમાં રચાયેલી જ્યુરી દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવે છે.**




**એવોર્ડ સમારોહ નવી દિલ્હીમાં ૮મી જુલાઈ ૨૦૧૦ના રોજ યોજવામાં આવ્યો હતો. એવોર્ડ યુનિયન મિનિસ્ટર ઓફ સ્ટેટ ફોર કોર્પોરેટ અફેર્સ શ્રી સલમાન ખુરશીદ (વચ્ચે) દ્વારા આપવામાં આવ્યો હતો. યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, આઈએફએસ (ડાબે) અને જનરલ મેનેજર - ફાઈનાન્સ શ્રી આર. બી. કોઠારી (ડાબે છેલ્લે)એ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. એમસીએના સેક્રેટરી શ્રી આર. બંદોપાધ્યાય, આઈએએસ (જમણે) અને આઈસીડબલ્યુએઆઈના પ્રેસિડેન્ટ શ્રી જી. એન. વેન્કટરામન (જમણે છેલ્લે) પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.**

# "ઊર્જાશક્તિ" માસની ઉજવણીનો પ્રારંભ... 'સ્વર્ણિમ કળશ'નું અનાવરણ





**ઊર્જા શક્તિ માસના ભાગરૂપે બાળકોમાં ઊર્જા બચત અંગે જાગૃતિ કેળવાય તે માટે શાળાઓમાં વવિધ વિષયો અંગેની નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ છે.**

સમગ્ર ગુજરાત રાજ્ય 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉમંગભેર ઉજવણી કરી રહ્યું છે ત્યારે, આ અવસર સાથે સર્વાંગી જનહિતને સાંકળી લેવા માટે ગુજરાત રાજ્ય ઑગસ્ટ મહિનાને 'ઊર્જાશક્તિ માસ' તરીકે ઉજવી રહ્યું છે. રાજ્યની એક અગ્રગણ્ય વીજકંપની તરીકે, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પણ આ ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયેલ છે. જેના ભાગરૂપે તાજેતરમાં કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં 'સ્વર્ણિમ કળશ'નું અનાવરણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માના વરદ હસ્તે કરવામાં આવ્યું.

શ્રી વર્માએ ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો અને અન્ય મહત્ત્વની બાબતોનો ઉલેખ કરીને ભાવિ નાગરિકો એવાં બાળકોને અત્યારથી ઊર્જાક્ષેત્ર અંગે જાગૃત કરવાના પ્રયાસો પર ભાર મુક્યો હતો.

ઉજવણીના પ્રારંભે કંપનીના 'એનર્જી નોલેજ સેન્ટર' ખાતે પ્રિન્ટ તેમ જ ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો સમક્ષ સમગ્ર કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. કંપનીના ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એન. તિવારીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે વિશેષ મુખ્ય ઇજનેર, જેટકો, શ્રી એમ. જી. વ્હોરાએ યુજીવીસીએલ દ્વારા ઉજવાઈ રહેલ 'ઊર્જાશક્તિ' માસના કાર્યક્રમની સફળતા અંગે શુભેચ્છા પાઠવી હતી.

કંપનીના મુખ્ય ઇજનેરશ્રી એમ. જી. પટેલે સમગ્ર કાર્યક્રમના ઉદ્દેશોની વિસ્તૃત છણાવટ કરીને 'વીજબચત' અંગેનો સંદેશો અસરકારક રીતે લોકો સુધી પહોંચે તેવી કામગીરી કરવા કર્મચારીઓને અનુરોધ કર્યો હતો.

'ઊર્જાશક્તિ' માસની શરૂઆત કંપનીની તમામ કચેરીએ રંગોળી દ્વારા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં ઊર્જાશક્તિ રેલી, વૃક્ષારોપણ તથા મુખ્ય મંત્રીશ્રી પ્રેરિત 'વાંચે ગુજરાત' જેવા કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાંની શાળાઓમાં બાળકોમાં ઊર્જા બચત અંગે જાગૃતિ કેળવાય તે માટે વિવિધ વિષયો અંગેની નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ છે.

આ કાર્યક્રમમાં કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી. જે. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી ઉપસ્થિત રહ્યા હતા. તેમ જ યુજીવીસીએલ અને જેટકોના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. ■

# 'સ્વર્ણિમ ગુજરાત ઊર્જાશક્તિ' માસ

**ઊર્જા બચત માટે માર્ગદર્શન તથા ત્રણ ગામોમાં સૂર્ય ઊર્જાના ઉપયોગ અંગે ગ્રામજનોને નિદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઑગસ્ટ માસ દરમિયાન 'સ્વર્ણિમ ગુજરાત ઊર્જાશક્તિ માસ' ઉજવણી અંતર્ગત લોક જાગૃતિ પ્રેરક તેમ જ કર્મચારી કલ્યાણના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ જ કંપનીના સૌ અધિકારીઓ તેમ જ કર્મચારી મિત્રો તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.



એક માસ લાંબી આ ઉજવણીના પ્રથમ દિવસે, તા. ૨ ઑગસ્ટના રોજ કંપનીના કર્મચારીગણ દ્વારા કોર્પોરેટ ઓફિસ તથા અન્ય તમામ ડિવિઝન, સર્કલ ઓફિસ ખાતે 'ઊર્જાબચત' થીમ પર રંગોળીનું આયોજન કરાયું હતું.

તા. ૧૦મી ઓગસ્ટના રોજ કર્મચારીઓ દ્વારા વિવિધ સ્થળોએ 'ઊર્જાબચત' અંગે જનજાગૃતિ ફેલાવવા રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. છે. તા. ૧૧ ઓગસ્ટના રોજ કર્મચારીઓ તથા અગ્રણી નાગરિકો દ્વારા 'સ્વર્ણિમ સંકલ્પ' લેવાનું આયોજન છે તથા ખેતીમાં યોગ્યતમ ઊર્જા ઉપયોગ જેવા મહત્ત્વના વિષય પર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે એક વિશેષ પરિસંવાદનું આયોજન કરેલ છે.

તા. ૧૩ ઓગસ્ટના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રેરિત 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૧૫ ઓગસ્ટના દિવસે કંપનીની દરેક ઓફિસ પર સ્વતંત્રતા દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી.

આગામી દિવસોમાં તમામ સબ ડિવિઝન હેઠળનાં ગામોની હાઈસ્કૂલમાં નિબંધ હરિફાઈ, પ્રાયમરી સ્કૂલમાં ચિત્રકામ હરિફાઈ, વકતૃત્વ સ્પર્ધાઓ, વૃક્ષારોપણ જેવા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

આ ઉપરાંત, યુજીવીસીએલ દ્વારા 'એનર્જી ઓડિટની આવશ્યકતા' વિષય પર એક મહત્ત્વના પરિસંવાદનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. હંમેશા કર્મચારી કલ્યાણમાં આગળ પડતી કામગીરી કરનાર યુજીવીસીએલ દ્વારા વિવિધ સ્થળે કર્મચારીઓ તથા તેમના પરિવારના સભ્યો માટે મેડીકલ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરેલ છે.

ઉજવણીમાં હોંશભેર જોડાઈને કંપનીના મહિલા કર્મચારીઓએ 'ઊર્જા બચત' માટે વિશેષ કાર્યક્રમો હાથ ધર્યા છે. તા. ૨૫-૨૬ ઓગસ્ટના રોજ 'ઊર્જા બચત' માટે માર્ગદર્શન તથા ત્રણ ગામોમાં સૂર્ય ઊર્જાના ઉપયોગ અંગે ગ્રામજનોને માર્ગદર્શન આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ■



## સ્વર્ણિમ વર્ષ ઉજવીએ, ઊર્જાને સમર્પિત થઈને : મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે.વર્મા

ઑગસ્ટ માસને ઉર્જા માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે, કંપનીના તમામ અધિકારીઓ અને સમગ્ર કર્મચારીગણ ખભેખભા મિલાવીને કામ કરીને ઉચ્ચતમ કાર્યનિષ્ઠા દ્વારા સ્વર્ણિમ વર્ષમાં ગુજરાતને વધુ ને વધુ ગૌરવ અપાવવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.



## બોડી ચેક-અપ કેમ્પનું આયોજન



'ઊર્જાશક્તિ' માસના ભાગરૂપે કંપનીના 'એનર્જી નોલેજ' સેન્ટર ખાતે 'બોડી ચેક-અપ' કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ૧૯૩ કર્મચારીઓ અને કુટુંબીજનોએ આવશ્યક અનેક પ્રકારના ટેસ્ટ્સ કરાવ્યા હતા. કાર્યક્રમમાં મહેસાણા વર્તુળના કર્મચારીઓએ ભાગ લીધો હતો. કંપનીની તમામ કચેરીએ પણ આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આયોજન ઇન્ડસ્ટ્રીયલ રીલેશન વિભાગ અને થાયરોકેર લેબોરેટરી, મહેસાણાના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

## રક્તદાન કેમ્પ

'રક્તદાન મહાદાન' એ માન્યતાને માન આપતાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. વર્તુળ કચેરી સાબરમતીમાં 'બ્લડ ડોનેશન કેમ્પ' તથા 'હેલ્થ ચેક-અપ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૭૧ બોટલનું રક્તદાન કર્મચારીઓ તથા તેમના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાતના ઊર્જા વિભાગના અગ્રસચિવ તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી ડી. જે. પાંડીયન, યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલ, જનરલ મેનેજર (ફા.) શ્રી આર. બી. કોઠારીએ હાજરી આપી પ્રોત્સાહન આપ્યું હતું.

# અમદાવાદમાં યોજાઈ કન્ઝ્યુમર મીટ



ગ્રાહકોને સર્વોત્તમ સેવા આપવી એ યુજીવીસીએલનું હંમેશનું કાર્યલક્ષ્ય રહ્યું છે. આ ધ્યેયને પાર પાડવા માટે કંપની દ્વારા અવારનવાર ગ્રાહકોના પ્રશ્નો જાણવા કન્ઝ્યુમર મીટનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં અમદાવાદ ખાતે આવી એક કન્ઝ્યુમર મીટ યોજાઈ હતી, જેમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ હાજર રહીને કંપનીના વિવિધ સ્તરના ગ્રાહકોના પ્રશ્નો જાણીને તેના સંતોષજનક ઉકેલ માટેના પ્રયાસો હાથ ધર્યા હતા.

આ પ્રસંગે હાજર વિવિધ ગ્રાહકોએ કંપનીના ગ્રાહકલક્ષી અભિગમની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે આ પ્રકારે કન્ઝ્યુમર મીટ યોજવાથી ગ્રાહકો તેમની મુશ્કેલીઓ કંપનીના ઉચ્ચ અધિકારીઓ સુધી સહેલાઈથી પહોંચાડી શકે છે અને તેના ઉકેલ પણ લાવી શકે છે. ખાસ કરીને કંપની અને ગ્રાહકો વચ્ચે સુમેળભર્યું વાતાવરણ સર્જવામાં આવી મીટ ઉપયોગી થાય છે.

# ગુજરાત ઊર્જા વિકાસ નિગમના એમડી હિંમતનગરની મુલાકાતે



જુલાઈ મહિનાની ૨૮મી તારીખે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના એમડી શ્રી એલ. ચુઆન્ગો, આઇએએસ હિંમતનગરની મુલાકાતે આવ્યા હતા.

શ્રી ચુઆન્ગોએ તેમની મુલાકાત દરમિયાન યુજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ સાથે સિંગલ ફેઝ મોટરના ઉપયોગ વિશે વિગતવાર ચર્ચા કરીને બહુમૂલ્ય સૂચનો આપ્યાં હતાં.

શ્રી ચુઆન્ગોએ મેઘરજ તાલુકામાં બહુ ઊંચા જેજીવાય લોસના મુદ્દાઓ વિશે પણ ખાસ ચર્ચા કરી હતી. કંપનીને થતું નુક્સાન અને આદિવાસીઓના ઉત્કર્ષની ચિંતા એ બંને સંવેદનશીલ મુદ્દાઓ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી હોવાનું કહીને તેમણે સૂચવ્યું હતું કે જો આદિવાસીઓના ઉત્કર્ષ માટે સિંગલ ફેઝ મોટર ઉપયોગી થતી હોય તો તેને રેગ્યુલરાઇઝ કરવા વિચારવું જોઈએ. આ માટે જરૂરી તમામ પાસાં ધ્યાને લઈને, વિગતવાર સર્વે કરીને આયોજન અંગે દરખાસ્ત કરવી જોઈએ તેવું પણ તેમણે સૂચવ્યું હતું.

શ્રી ચુઆન્ગોની મુલાકાત હિંમતનગર વર્તુળના કર્મચારીઓ માટે પ્રેરણાદાયી રહી હતી.

# પાવર સેક્ટરમાં દેશની પ્રગતિ

### રીફોર્મ્સ અને રેગ્યુલેશન્સ

સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશને (સીઇઆરસી) હાઇડ્રોપાવર પ્રોજેક્ટની પૂંજી રાશિનું



સ્વતંત્ર એજન્સીઓ અથવા એક્સ્પર્ટ્સ દ્વારા ધ્યાનપૂર્વક નિરિક્ષણ કરવા માટેની ગાઇડલાઇન આપી છે. ગાઇડલાઇન પ્રમાણે પ્રોજેક્ટની ડિઝાઇન અને ટેક્નિકલ પાસાંને ધ્યાનમાં લઇ સ્વતંત્ર એજન્સી મૂલ્યાંકન કરશે. હાઇડ્રો ઇલેક્ટ્રિક જનરેટિંગ સ્ટેશનને લગતું ટેરિફ બહાર પાડતી વખતે સીઇઆરસી પૂંજી રાશિ માટેના નિરિક્ષણને પણ ધ્યાનમાં લેશે.

### સેન્ટ્રલ સેક્ટર

એનટીપીસી લિમિટેડે એક લોંગ ટર્મ કોર્પોરેટ પ્લાન તૈયાર કર્યો છે, જે મુજબ ૨૦૩૨ સુધીમાં ૧૨૮ જીડબલ્યુ પાવર જનરેટ કરવાનું ટારગેટ રાખ્યું છે. આની ક્ષમતા દ્વારા વિવિધ પ્રકારનું ફ્યુઅલ મિક્સ મળી શકશે જેમાં ૫૬ ટકા કોલ, ૧૬ ટકા ગેસ, ૧૧ ટકા ન્યુક્લીઅર અને ૧૭ ટકા રીન્યુએબલ્સ (હાઇડ્રો સાથે) સામેલ હશે.

કંપની વર્તમાનમાં ૩૨૦૦૦ મેગાવોટ પાવર જનરેશનની ક્ષમતા ધરાવે છે. કોર્પોરેટ પ્લાન એનટીપીસી બોર્ડ દ્વારા શરૂ કરેલ અને માન્ય રાખેલ છે. એનટીપીસીના પર્ફોર્મન્સને તપાસવા કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (સીએજી) પ્રોજેક્ટની વપરાશ અને પ્રબંધન ક્ષમતાનું નિરિક્ષણ કરશે.સીએજી રીપોર્ટ માર્ચ ૨૦૧૧ સુધીમાં બહાર પાડવામાં આવશે.

### ફાઇનાન્શિયલ

ફાઇનાન્શિયલ પ્રોજેક્ટ્સની રૂ.૫૦૦ બિલિયનના દેવાની રાશિને સેટલ કરવા માટે પાવર





મિનિસ્ટ્રી અસમંજસમાં છે. પાવર મિનિસ્ટ્રી પ્રસ્તાવિત રાશિ માટેના અંતિમ બાહ્ય સ્વરૂપ નક્કી કરવા માટે પ્લાનિંગ કમિશન સાથે સતત ચર્ચા કરી રહી છે. આ ફન્ડ સાથે પાવર ફાઇનાન્સ કોર્પોરેશન અને રુરલ ઇલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન પણ જોડાવા માટે અપેક્ષિત છે. પ્રસ્તાવિત રાશિ પાવર જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ માટે અને લીધેલા પ્રોજેક્ટ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### સ્ટેટ સેક્ટર

તાજેતરમાં પાવર મિનિસ્ટ્રીએ મેઘાલય સરકાર અને નોર્થ ઇસ્ટર્ન ઇલેક્ટ્રિક પાવર કોર્પોરેશન લિમિટેડ (એનઇઇપીસીઓ) વચ્ચે રાજ્યમાં બે મેગા પાવર પ્રેજેક્ટ લગાવવા માટેના મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (એમઓએ) સાઇન કરાવ્યા છે.

('પાવર ન્યૂઝ'માંથી સંકલિત)



## દેશનો પ્રકાશ વિદેશમાં ફેલાયો

અદાણી એન્ટરપ્રાઇસીસ લિમિટેડે (એઇએલ) ઓસ્ટ્રેલિયાની લિંક એનર્જીની કોલ માઇન્સ કેશમાં ખરીદી લીધી છે જેની રોયલ્ટી રૂ. ૧૨૬.૦૪ છે. ઓસ્ટ્રેલિયન કંપનીની સહાયકારી સંસ્થા અદાણી એન્ટરપ્રાઇસીસ લિમિટેડે ક્વીન્સલેન્ડમાં આવેલા લિંક એનર્જી ગેલિલી કોલ ટેનમેન્ટમાં ૧૦૦ ટકા વ્યાજ લીધું છે. એઇએલ રૂ.૨૦.૯૮ બિલિયન રોકડા અને એક ટનની રૂ.૮૩ રોયલ્ટી પેટે વીસ વર્ષ સુધીના ઉત્પાદન માટે આપશે. ગેલિલી ટેનમેન્ટ એ ઓસ્ટ્રેલિયાનું સૌથી મોટું ટેનમેન્ટ છે જ્યાં ૭.૮ બિલિયન ટન કોલ માઇન થઇ શકે છે, એઇએલ અપેક્ષા કરે છે કે વર્ષ૨૦૧૨-૨૦૧૫ સુધીમાં માઇનિંગ ઓપરેશન્સ શરૂ કરી દેશે અને વર્ષે ૫૦ મેટ્રીક ટન ઉત્પાદન કરશે. ગેલિલીમાંથી પ્રાપ્ત કોલ દ્વારા એઇએલ તેની સીસ્ટર કંપની અદાણી પાવરના આવનારા પ્રેજેક્ટ્સની ક્ષમતામાં ૧૩૦૦૦ એમડબલ્યુનો વધારો કરશે.

દરમિયાન બીજી તરફ, ઇન્ડોનેશિયન સરકારે ટાટા પાવર કંપનીને સુમાત્રામાં ૨૦૦ એમડબલ્યુ જીઓથર્મલ પ્રોજેક્ટ વિકસાવવા માટે બે ફાઇનલ બિડરોમાંના એક તરીકે શોર્ટ લિસ્ટ કરી છે. આ પ્રેજેક્ટ શરૂ કરવા માટે રૂ.૩૦ બિલિયનના આવશ્યકતા રહેશે. ટાટા પાવરે ઇન્ડોનેશિયાની સુપ્રાકો એનર્જી અને ઓસ્ટ્રેલિયાની ઓરિજિન એનર્જીના કન્સોર્ટિયમ પ્રોજેક્ટ માટે બિડ કરી હતી.

**પોતાના સામાજિક ઉત્તરદાયિત્વ પ્રત્યે સતત સજાગ રહેતી યુજીવીસીએલ કંપનીએ સારસ પક્ષીઓને રક્ષણ આપવા માટે ખેતરોમાં કોટેડ કેબલ નાખ્યા**




યુજીવીસીએલની સીએસઆર પહેલ

# સરસ સારસના રક્ષણ માટે પ્રશંસનીય પ્રયાસ

એક વીજકંપનીની ફરજ શું માત્ર વીજપુરવઠો પૂરો પાડવા જેટલી સીમિત હોય? યુજીવીસીએલ માને છે કે નહીં, એક જવાબદાર કોર્પોરેટ નાગરિક તરીકે, કંપનીની ફરજ તેનાથી ઘણી વિશેષ હોય છે.

હમણાં યુજીવીસીએલ કંપનીએ સામાજિક ઉત્તરદાયિત્વ પ્રત્યેની તેની નિષ્ઠાનું વધુ એક પ્રમાણ આપતાં, સારસ પક્ષીઓનો જીવ બચાવતી એક સરસ પહેલ કરી.

સારસ એક એવું પક્ષી છે જેને ગુજરાતના લોકો પ્રેમ કરે છે અને તેની સુંદરતાને માન બક્ષે છે. સારસ એ ભારતીય ઉપખંડનું નિવાસી દેશી જાતનું પક્ષી છે. ભારતમાં કુલ ૮૦૦૦ જેટલાં સારસ હોવાનો અંદાજ છે, જેમાંના ૧૬૦૦ જેટલાં ગુજરાતમાં છે.



સારસ એકપત્નીત્વ કે એકપતિત્વ ધરાવતું નિષ્ઠાવાન પક્ષી છે જે જીવનભર એક જ સાથી સાથે રહે છે. એકવાર સાથી પસંદ થઇ જાય પછી તે જ્યાં સુધી જીવે ત્યાં સુધી સાથે જ રહે છે. સારસનો અવાજ લાઉડ ટ્રમ્પેટ જેવો છે. સારસ એ મોટામાં મોટું ઉડનારું પક્ષી છે જે લગભગ પાંચ ફૂટ ઊંચું હોય છે.

સારસ એક નાજૂક પક્ષી છે અને તેની વસતી ઓછી થઇ રહી છે. જો પક્ષીપ્રેમીઓ તરફથી યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો તે લુપ્ત થઇ શકે છે.

**સારસ પક્ષી મોટા ભાગે નીચેનાં કારણોસર મુશ્કેલીમાં મુકાઈ રહ્યાં છે...**

- તેનો વિંખાતો માળો
- હાઇ-ટેન્શન પાવર લાઇનથી શોક લાગવો
- અસાધ્ય રોગ થવો
- કુદરતી ફેરફારોને લીધે તેના ઇંડા નષ્ટ થવા

ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં ભારતીય સારસ સંકેન્દ્રિત છે. અમદાવાદની આસપાસના ધોળકા, દસકોઇ અને દેહગામમાં ૩૦૦થી વધુ સારસ પક્ષી જોવા મળે છે.

સારસ નેચર કન્ઝર્વેશન સોસાયટીના કોઓર્ડિનેટર અને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર શ્રી દેશલ પાગી તેમ જ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી યુજીવીસીએલને સારસ પક્ષીના બચાવનાં પગલાંમાં સહાયરૂપ થવા કરવામાં આવી હતી. આ રજુઆતના સંદર્ભમાં, ઊંડો રસ દાખવીને યુજીવીસીએલના



## સારસ પક્ષીની ખાસ વાત

વર્ષ ૨૦૦૯ના અંદાજ પ્રમાણે સમગ્ર વિશ્વમાં ૧૫થી ૨૦ હજાર જેટલાં સારસ પક્ષી છે. સારસ પક્ષી વિશે ભારતીય પુરાણોમાં પણ ખાસ ઉલ્લેખો જોવા મળે છે. કહેવાય છે કે વાલ્મિકી ઋષિએ એક શિકારીને સારસ પક્ષીની હત્યા બદલ શાપ આપ્યા પછી તેમને રામાયણનું સર્જન કરવાની પ્રેરણા મળી હતી.

ગ્રામિણ ક્ષેત્રોમાં આ પક્ષીને બહુ શુકનિયાળ ગણવામાં આવે છે અને તેમના આગમનથી વાતાવરણમાં ખુશી વ્યાપી જાય છે. એવું પણ માનવામાં આવે છે કે ખેતરમાં સારસના આગમનથી પાક સારો ઉતરે છે. આજ કારણથી આ પક્ષીએ ખેતરમાં તેનો માળો બનાવ્યો હોય તો તેને ઉડાડવામાં પણ આવતું નથી. આ માટે અનેક લોકો એવું પણ માને છે કે આમ કરવાથી નુકસાન થશે.

એ પણ મજાની હકીકત છે કે આ પક્ષીઓ મનુષ્યથી ડરતાં નથી. તેઓ મોટા ભાગે ડાંગરના ખેતરમાં આશરો લે છે. આ પક્ષી આમ તો આખા વિશ્વમાં પ્રખ્યાત છે અને હાલમાં તે એશિયાના અનેક ભાગોમાં વસે છે છતાંય તેની વસતી ઓછી થતી જાય છે.




## સારસ પક્ષીના બચાવ માટે યુજીવીસીએલની કામગીરી

| ક્રમ | ફીડરનું નામ | સબડિવિઝનનું નામ | એચટી/એલટી લાઈન | ગામ | કરવામાં આવેલો ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ કેવી કોઠલાના | ધોળકા (શહેરી) | ૨.૧૦ કેએમ એચટી | ધોળકા | રૂ. ૬૪,૪૨૫/- |
| ૨ | ૧૧કેવી કોઠલાના | ધોળકા (શહેરી) | ૧.૨૦ કેએમ એચટી | ધોળકા | રૂ. ૨૩,૬૫૦/- |
| ૩ | ૧૧ કેવી સારંડી | ધોળકા (ગ્રામિણ) | ૨.૧૦ કેએમ એચટી | દડુસર | રૂ. ૬૪,૪૨૫/- |
| ૪ | ૧૧ કેવી કોઠલાના | ધોળકા (શહેરી) | ૧.૮૦ કેએમ એચટી | ધોળકા | રૂ. ૬૯,૭૩૧/- |
| ૫ | ૧૧ કેવી સારંડી | ધોળકા (ગ્રામિણ) | ૨.૧૦ કેએમ એચટી | દડુસર | રૂ. ૭૫,૮૪૮/- |

મેનેજિંગ ડિરેક્ટરશ્રી શ્રી એ. કે. વર્મા, આઈએફએસના નેતૃત્વમાં ઉચ્ચ અધિકારીઓની એક ટીમે સારસ પક્ષીને બચાવવા માટે શક્ય એટલા દરેક પ્રયાસો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યાર પછી યુજીવીસીએલના ઉચ્ચ પદાધિકારીઓએ વિવિધ સાઇટની મુલાકાત લીધી હતી. તેમનાં સ્થળ પરનાં અવલોકનોના અંતે સારસ પક્ષીઓને વીજ કરંટથી બચાવવા માટે પરંપરાગત ખુલ્લા વાયરોની જગ્યાએ કોટેડ વાયર ઉપયોગમાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોર્પોરેટ ઓફિસની આ સામાજિક જવાબદારી માની આ કાર્ય માટે ત્વરિત પગલાં લઈને જરૂરી મંજૂરીઓ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯માં યુજીવીસીએલ દ્વારા લગભગ ૩ લાખ રૂપિયાના ખર્ચે કુલ ૧૦ કિલોમીટર જેટલા ખુલ્લા વાયરને બદલીને ઇન્સ્યુલેટેડ વાયર લગાવવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે ગ્રામિણ ક્ષેત્રોમાં લગાવવામાં આવતા ખુલ્લા વાયરો દ્વારા વીજળીની ચોરી અટકાવવાના ઉદ્દેશ્યથી કોટેડ વાયરો કંપની દ્વારા આપવામાં આવતા. અહીં એચટી (હાઇ ટેન્શન ૧૧ કેવી) લાઇન્સ બદલવાની હતી, તેથી હાઇ કન્ડક્ટરના સ્પેશિયલ કોટિંગવાળા વાયરોનો ઓર્ડર આપવામાં આવ્યો હતો અને ખાસ લોકોની ટુકડી બનાવી તેને દરેક ખુલ્લા વાયરોની જગ્યાએ કોટેલ વાયરો લગાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

એક સકારાત્મક પહેલ અને અર્થપૂર્ણ નિયંત્રણ રાખવાથી તેમ જ લાઇન સ્ટાફ અને સબ ડિવિઝન એન્જિનિયર્સના નિઃસ્વાર્થ પ્રયત્નોથી સારસ પક્ષીના અકસ્માતોને વર્ષ ૨૦૦૮માં જે ૨૪ હતા તેનાથી વર્ષ ૨૦૦૯ દરમિયાન માત્ર ૨ સુધી પહોંચાડવામાં સફળતા મળી હતી.

એક કોર્પોરેટ ઓફિસની સામાજિક જવાબદારી, નીતિવિષયક બિઝનેસ પ્રેક્ટિસ, કંપનીની પ્રતિબદ્ધતા અને સતત વિકાસના ભાગ રૂપે યુજીવીસીએલના આ ઉમદા કાર્યથી સારસ પક્ષીના અકસ્માતો ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ શકી છે. ■

# પ્રગતિને પંથે યુજીવીસીએલ

ગુજરાત રાજયની પ્રજાને વીજ સુવિધા પૂરી પાડવા વર્ષ ૧૯૬૦માં ઈન્ડિયન ઈલેક્ટ્રિસીટી એક્ટ ૧૯૪૮ અન્વયે ગુજરાત વિદ્યુતબોર્ડની રચના કરવામાં આવેલ. ગુજરાત વિદ્યુતબોર્ડ દ્વારા ગુજરાતનાં તમામ શહેરો અને ગામડાંઓનું વીજળીકરણ કરવામાં આવેલ. ગુજરાતના વિકાસ સાથે ગુજરાત વિદ્યુતબૉર્ડે પણ વિકાસની હરણફાળ ભરી હતી.

દિનપ્રતિદિન ગુજરાત રાજયની પ્રજાની અપેક્ષા અને વીજળીની આવશ્યકતા સેવાની જરૂરિયાત વધતાં વધુ કાર્યક્ષમ સેવા આપવા માટે ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત ઈલેક્ટ્રિસીટી ઈન્ડસ્ટ્રી (રીઓરગેનાઈઝેશન અને રેગ્યુલેશન) એક્ટ૨૦૦૩ અન્વયે ગુજરાત વિદ્યુતબોર્ડનું પુનર્ગઠન કરીને તેનું ૭ કંપનીઓમાં વિભાજન કરવામાં આવેલ. જેના ફળ સ્વરૂપે ઉત્તર ગુજરાતના ૬ જિલ્લામાં વીજ વિતરણ અને ગ્રાહકોને વીજ સુવિધા પૂરી પાડવા ગુજરાત સરકારનાં જાહેરનામાથી તા. ૧૫-૦૯-૨૦૦૩ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રચના કરવામાં આવી અને તારીખ ૧ એપ્રીલ ૨૦૦૫થી કંપની વાણિજય ધોરણે કાર્યાન્વિત થયેલ છે.

ઊર્જાશક્તિ દ્વારા સમગ્ર રાજયમાં સામાજિક તેમ જ આર્થિક વિકાસ ઉપરાંત ચાર વર્ષના ટૂંકા ગાળામાં ગ્રાહકોને વીજ વિતરણ અને વીજ સુવિધા પૂરી પાડવાના ભાગરૂપે કરેલ કામગીરી દરમ્યાન નીચે જણાવ્યા મુજબની મહત્ત્વની સિદ્ધિઓ હાંસલ કરેલ છે જે ગુજરાત માટે ગૌરવરૂપ છે.

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા તારીખ ૧૧-૧૧-૨૦૦૬ના રોજ રાષ્ટ્રપર્ણ કરવામાં આવેલ જ્યોતિગ્રામ યોજનાના કેન્દ્ર બિંદુ એવો મહેસાણા જિલ્લો સમગ્ર ભારત વર્ષમાં પ્રથમ જિલ્લો છે કે જેણે



## પ્રથમ દ્દષ્ટિએ યુજીવીસીએલ

(તા. ૩૦/૦૬/૨૦૧૦ના રોજની સ્થિતિ)

| | | |
|---|---|---|
| • કુલ કાર્યક્ષેત્ર વિસ્તાર | : | ૪૯,૯૫૦ ચો.કિ.મી. |
| • જિલ્લાની સંખ્યા | : | ૬ જિલ્લા પૂર્ણ અને ૩ અંશતઃ |
| • શહેર અને ગામડાઓની સંખ્યા | : | ૪૩ શહેર અને ૪૬૨૮ ગામડાં |
| • કાર્યક્ષેત્રની વસ્તી | : | ૯૨,૬૩,૯૧૧ |
| • સબ-સ્ટેશનની સંખ્યા | : | ૩૩૨ |
| • કુલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરની સંખ્યા | : | ૧,૨૧,૧૬૭ |
| • હાઈ ટેન્સન ફીડરોની સંખ્યા | : | ૩,૩૨૪ |
| • હાઈટેન્સન લાઈન | : | ૭૨,૦૨૬.૦૦ કી.મી. |
| • લો ટેન્સન લાઈન | : | ૬૨,૩૦૦.૫૫ કી.મી. |
| • કુલ ગ્રાહકોની સંખ્યા | : | ૨૫,૫૬,૯૧૬ |
| • કુલ કર્મચારીઓની સંખ્યા | : | ૭,૩૨૩ |
| • કુલ સર્કલ | : | ૪ (ચાર) |
| • વર્ષ ૨૦૦૯-૧ ની આવક | : | રૂા. ૪૦૩૫ કરોડ |

**સ્વપ્ન**

- સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ.

**લક્ષ્ય**

- સ્પર્ધાત્મક દરે સાતત્યપૂર્ણ વિશ્વસનીય તેમ જ ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવો.
- વીજ વિતરણ અને વાણિજય વિષયક ખોટ વૈશ્વિક ધોરણ સુધી ઘટાડવી.

**મૂળભૂત મૂલ્યો**

- ગ્રાહકનો સંતોષ
- સહભાગી કાર્ય સંસ્કૃતિ
- સંસ્થા માટે સ્વત્વ અને સન્માન
- સર્વોત્તમ કાર્યક્ષમતા
- ઉત્કૃષ્ટ સેવા
- નૈતિક, સામાજિક જવાબદારી પ્રત્યે સભાનતા

**વિવિધ ગ્રાહકલક્ષી યોજનાઓ....**

- ગુણવત્તા સભર વીજ પુરવઠો પૂરો પાડવા ફીડર બાયફરકેશન યોજના અન્વયે વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૭૧ ફીડરોનાં બાયફરકેશનનું હાથધરવામાં આવેલ છે.
- ૧૨મી પંચવર્ષીય યોજનામાં ૪૫ સબ સ્ટેશનનુંઆયોજન. અમદાવાદ શહેરનાં ઔદ્યોગિક વિકાસ માટે ઓઢવ, સનાથલ અને શાંતિપુરા સબ સ્ટેશનનું આયોજન.
- અમદાવાદ શહેરનાં સરદાર પટેલ રીંગ રોડ ઉપરનાં વિકાસને ધ્યાનમાં રાખી ૪ ઈન્ફ્રાસ્ટ્રકચર ફીડરો રૂા. ૫૬૫ લાખનાં ખર્ચે કાર્યાન્વિત.
- 'હેન્ડહેલ્ડ' કમ્પ્યુટર દ્વારા સ્થળ પર વીજ બીલ આપવાની યોજનાનો અમલ.
- ગ્રાહકોની સુવિધા માટે દરેક પોસ્ટ ઓફીસમાં વીજ બીલનાં નાણાં સ્વીકારવાની વ્યવસ્થા.
- એચ.ટી.ગ્રાહકો માટે વર્તુળ કચેરીએ વીજ બીલનાં નાણાં સ્વીકારવાની વ્યવસ્થા.
- રજાના દિવસે પણ વીજ બીલનાં નાણાં સ્વીકારવાની વ્યવસ્થા.
- ગ્રાહકોની ફરિયાદમાં ત્વરિત નિકાલ થાય તે હેતુસર દરેક જિલ્લામાં 'કસ્ટમર કેર સેન્ટર' કાર્યાન્વિત અને અન્ય શહેરી વિસ્તારમાં આયોજન તેમ જ આદિવાસી વિસ્તારમાં ફોલ્ટ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

જ્યોતિગ્રામ યોજના પૂર્ણ કરેલ, ત્યાર બાદ ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. એ પ્રથમ વિતરણ કંપની છે કે જેણે 'જ્યોતિગ્રામ યોજના' સૌ પ્રથમ પૂર્ણ કરેલ.

ફાર્મ હાઉસ અને છૂટાછવાયા રહેણાંકમાં સતત ૨૪ કલાક વીજ પૂરવઠો પૂરો પાડવા સ્પેશયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર (એસડીટી)નું સંશોધન કરનાર તેમ જ ઈએનડીએ દ્વારા પ્રમાણિત ભારતમાં પ્રથમ વીજ કંપની. અત્યાર સુધીમાં કુલ ૭૪૫ ટ્રાન્સફોર્મર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો પૂરો પાડવા અમદાવાદ શહેરની નજીકનાં બોપલ ધુમા વિસ્તારમાં અન્ડર ગ્રાઉન્ડ પાવર કેબલ સીસ્ટમની કાર્યવાહી તથા શહેરની આજુબાજુના વિસ્તારો ચાંદખેડા તથા અડાલજમાં અન્ડર ગ્રાઉન્ડ પાવર કેબલ સીસ્ટમ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. ગ્રાહકલક્ષી અભિગમના ભાગરૂપે 'કન્ઝ્યુમર મીટ' દરમ્યાન ગ્રાહકોની અપેક્ષા મુજબ કલોલ, છત્રાલ, કડી વગેરે જીઆઈડીસીને નજીકનાં ૬૬ કે.વી. સબ સ્ટેશનમાંથી અન્ડર ગ્રાઉન્ડ કેબલ પ્રજાકીય ભાગીદારીથી નાખવાનું આયોજન કરેલ છે. તેમ જ સરદાર પટેલ રીંગ રોડ તેમ જ ગાંધીનગર વિસ્તારમાં રૂા. ૫૪૦ લાખનાં ખર્ચે ઈન્ફાસ્ટ્રકચર ફીડરો કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

ખેતી વિષયક વીજ વપરાશ કુલ વીજ વપરાશનાં ૫૮%થી ૬૦% ધરાવે છે. તેમ જ જ્યોતિગ્રામ યોજના અન્વયે બધા જ ગ્રામ્ય વિસ્તારના ફીડરો ખેતીવિષયક જાહેર કરવામાં આવેલ છે.

કંપની હેઠળના સાબરમતી સર્કલને 'પ્રોફિટ પોટેન્શિયલ એન્ડ કોસ્ટ ઈફેક્ટિવ સેન્ટર'જાહેર કરી સુદ્દઢ સંચાલન વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. ગુજરાત સરકારની કુટીર જ્યોત, આદિજાતિ પેટા યોજના હેઠળની યોજનાઓ તેમજ ખાસ અંગભૂત યોજનાના સંપૂર્ણ લક્ષ્યાંકોની સિદ્ધિ મેળવેલ છે. વીજ વિતરણનાં વધુ સારા સંચાલન તથા ગ્રાહકલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે વેબ બેઝ્ડ જિયોગ્રાફીક ઈન્ફોર્મેશન સિસ્ટમ (જીઆઈએસ)નું મહેસાણા જિલ્લામાં અમલીકરણ કરવામાં આવેલ છે. જયારે અન્ય જિલ્લામાં તે અંગેનું આયોજન હાથ ધરવામાં આવી રહેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ એ સરકાર હસ્તકની પ્રથમ વીજ વિતરણ કંપની છે કે જેણે વેબ બેઝ્ડ જીઆઈએસ સિસ્ટમનો અમલ કર્યો છે. આ સુવિધાથી કંપનીની મિલકતો, ઈલેક્ટ્રિકના થાંભલા, પાવરલાઈન તથા ટ્રાન્સફોર્મર અંગેની ચોક્કસ માહિતી મળી શકશે. તેમ જ નકશા દ્વારા વાસ્તવિક ચિત્રણ મળી શકશે. ઉપરાંત ગ્રાહકોની સંપૂર્ણ માહિતી જેવી કે, નામ, સરનામું, ગ્રાહક નં. મીટરની વિગતો, એલ.ટી.પોલ. સહિતની માહિતી મળી શકે છે. શહેરી વિકાસ વર્ષ દરમ્યાન નગરપાલિકા વિસ્તારોમાં મુખ્ય માર્ગો પરના

## વિવિધ યોજનાઓ

(૧) **ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના :** આ યોજના અન્વયે ગરીબી રેખાથી નીચેનાં લાભાર્થીઓને વિના મૂલ્યે વીજ જોડાણ આપવા સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૨૧ કરોડનાં ખર્ચે અને અમદાવાદમાં રૂ. ૧૪ કરોડનાં ખર્ચે આયોજન.

(૨) **કુટીર જયોત યોજના :** આ યોજના અન્વયે નિયત કરેલ આવક મર્યાદા કરતા ઓછી આવક ધરાવતાં લાભાર્થીઓને ટ્રાયબલ વિસ્તારમાં વિના મૂલ્યે વીજ જોડાણ આપવાની યોજના.

(૩) **ઝૂંપડપટ્ટી યોજના :** આ યોજના અન્વયે ઝૂંપડામાં રહેતા લોકોને ફક્ત રૂ. ૫૦ ભરપાઈ કરતાં નિયમોનુસાર વીજ જોડાણ આપવાની યોજના.

(૪) **ગુજરાત પેટર્ન :** આ યોજના હેઠળ પ્રયોજના અધિકારી દ્વારા દરખાસ્તો મંગાવવામાં આવે છે, જે સંલગ્ન વિભાગીય કચેરી દ્વારા મોકલાવી આપવામાં આવે છે જેની નાણાકીય જોગવાઈ પ્રયોજના અધિકારી દ્વારા મંજૂર કરીને મોકલાવી અપાતા સંલગ્ન વિભાગીય કચેરી દ્વારા વીજળીકરણ કરવા અંગેની ત્વરીત કાર્યવાહી હાથ ધરવા અંગેની જરૂરી સૂચના પેટા વિભાગીય કચેરીને પાઠવવામાં આવે છે.



(૫) **સ્પેશયલ કોમ્પોનન્ટ પ્લાન :** બાકી રહેલ હરિજન વિસ્તારનું વીજળીકરણ કરવાની યોજના.

(૬) **ખેતી વિષયક વીજ જોડાણ માટે :** (૧) અનુ.જાતિ પેટા યોજના (૨) એસ.પી.એ. યોજના અને (૩) આદિવાસી વિસ્તારમાં ટ્રાઈબલ સબ પ્લાન યોજના.

(૭) **ટ્રાયબલ :** ટ્રાયબલ વિસ્તારમાં કુવાઓનાં વીજળીકરણની કાર્યવાહી ટીએએસપી યોજના હેઠળ નિયત કરાતા લક્ષ્યાંક મુજબ હાથધરવામાં આવે છે.

(૮) **વનબંધુ યોજના :** રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીની વનબંધુ યોજના હેઠળ એક હજાર કૂવાઓનું વીજળીકરણ ટપક પધ્ધતિ યોજનાથી હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

અડચણરૂપ થાંભલા વિના મૂલ્યે ખસેડવામાં આવેલ છે.

કંપનીએ ઇ-ઊર્જા ક્ષેત્રે પણ તમામ વીજ વિતરણ કંપનીમાં અગ્ર સ્થાન પ્રાપ્ત કરેલ છે. અપેક્ષિત કામગીરીમાં કંપનીના દરેક કર્મચારીઓની વિગતો જેવી કે, બઢતી અને બદલી માટેની કામગીરી થઈ શકે તેવી વિગતો અપડેટ કરવામાં આવે છે. તમામ કર્મચારીઓનાં મુસાફરી ભથ્થાનાં બીલ, રજાનો રીપોર્ટ, પાસ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રિજિઓનલ સ્ટોર ઓફિસ, વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરીમાં સ્ટોર થયેલ માલ સામાનની તેમ જ અસ્કયામતોની વિગતો રાખીને તેનાં વ્યવહારોની તારીખ ૦૧-૦૪-૨૦૦૬થી નોંધણી કરવામાં આવી રહી છે. તમામ ખરીદી અંગેનાં ઓર્ડરની નોંધણી કરવામાં આવે છે. તમામ કોન્ટ્રાકટરો / સપ્લાયરોનું પેમેન્ટ ઈ-ઊર્જામાં નોંધવામાં આવે છે. જે કામગીરીમાં તમામ ડ્રીસ્ટ્રીબ્યુશન કંપનીઓમાં અગ્રેસર છે.

સાતત્યપૂર્ણ વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો દ્વારા લોકોનું જીવન ધોરણ ઊંચુ લાવવા ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. હંમેશા કટિબધ્ધ રહેલ છે. 'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ' આપી શકાય તેવા ઉદ્દેશને પરિપૂર્ણ કરવાના હેતુસર ગ્રાહકોની વચ્ચે જઈને કંપનીને લગતા વીજ ક્ષેત્રના પ્રશ્નો સમજવા મેનેજિંગ ડિરેકટર દ્વારા નિયમિત રીતે સંસદ સભ્યો, ધારાસભ્યો, સાથે પરામર્શ બેઠકો દરેક જિલ્લામાં યોજવામાં આવે છે.

વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરીને લક્ષમાં લઈને ભારત સરકારના વિદ્યુત મંત્રાલય દ્વારા યુજીવીસીએલની 'બ્રોન્ઝ શીલ્ડ' માટે પસંદગી કરી તારીખ ૩૧-૦૩-૨૦૦૭ ના રોજ માનનીય વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ દ્વારા અર્પણ કરવામાં આવેલ છે. બ્રોન્ઝ શીલ્ડ માટે પસંદગી કરતી વેળાએ એટીએન્ડસી લોસ માટે ૪૦.૫૩ ગુણ, નાણાંકીય પરિસ્થિતિ માટે ૨૦ ગુણ, મીટરીંગ માટે ૮.૪૨ ગુણ તથા રીલાયેબીલીટી માટે ૩.૫૨ ગુણ મળીને કુલ ૭૨.૪૭ ગુણ આપવામાં આવેલ છે.

ગોલ્ડ શીલ્ડ તથા સીલ્વર શીલ્ડ મેળવનાર કંપનીનું કાર્યક્ષેત્ર માત્ર શહેરી વિસ્તાર તેમજ તેનું સંચાલન ખાનગી કંપની દ્વારા થાય છે. જયારે સરકાર હસ્તર સંચાલન હોય અને ગ્રામ્ય વિસ્તારમાં પણ વીજ વિતરણ કરતી હોય તેવી શીલ્ડ મેળવનાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ એક માત્ર કંપની છે. જે સમગ્ર દેશ માટે નોંધપાત્ર તેમજ ગુજરાત રાજય માટે ગૌરવપ્રદ બાબત છે.

'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ'ના વધુ એક પ્રયાસના ભાગરૂપે કંપનીની સાબરમતી હાઈટેક મીટર લેબોરેટરીને કેન્દ્ર સરકારના નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરી દ્વારા અધિકૃત આઈ.એસ.એ.ઓ/ આઈ.ઈ.સી./ ૧૭૦૨૫ : ૨૦૦૫નું પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે. સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ પૈકી સમગ્ર ભારતમાં આ પ્રમાણપત્ર મેળવનાર યુજીવીસીએલ / સરકાર હસ્તકની પ્રથમ વીજ વિતરણ કંપની છે. અહીં નોંધનીય છે કે, આ ટેસ્ટ ઈકવીટમેન્ટની એકયુરેસીનો કલાસ ૦.૦૫ છે.

કંપનીએ વિવિધ ક્ષેત્રે વિશિષ્ઠ કામગીરી બદલ અનેક રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કાર પણ મેળવ્યા છે. ■

## કંપનીની વિવિધ પહેલો

**વીજ બચત :** 'વીજ બચત એટલે વીજ ઉત્પાદન' સૂત્રને ચરિતાર્થ કરવા માટે વીજ બચત અંગે જાગૃતિ કેળવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સેમીનાર દ્વારા તજજ્ઞોનું માર્ગદર્શન ગ્રાહકોને આપવામાં આવે છે. વીજ બચત અંગની સમજૂતી આપતા ચોપાનીયાનું વિતરણ કરવામાં આવે છે.વીજબચત રેલીના આયોજન દ્વારા જાગૃતિ કેળવવાનો પ્રયાસ તથા વિવિધ સંસ્થાઓમાં 'એનર્જી ઓડીટ' અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**વીજ સંરક્ષણ :**

- તકનીકી ખાદ્ય ઘટાડવા માટે કુલ ૧૯૩૦ જેટલી સ્વયંસંચાલિત પાવર ફેકટર (એપીએફસી) પેનલો ખરીદવામાં આવી હતી અને તેઓનું સ્થાપન કરવામાં આવ્યું હતું. એપીએફસી તબકકાવાર વિદ્યુતસંગ્રાહકોને ચાલુ તથા બંધ કરવા અને આયોજિત પાવર ફેકટરને સ્વયંસંચાલિત રીતે જાળવવા સક્ષમ છે. આને કારણે વિતરણ ટ્રાન્સફોર્મરમાંથી એલટી વીજભારમાંથી આવતા પ્રતિક્રિયાશીલ વીજ ભાર ખેંચવા થકી અછતને સંતુલિત કરવામાં મદદરૂપ થશે. એપીએફસીના સ્થાપન થકી નોંધપાત્ર માત્રામાં વીજ બચત થઈ શકે છે.
- વધુ વીજ ખાદ્ય કરતાં ફીડરોની જાણકારી મેળવવામાં આવી છે, તકનીકી ખાધ ઘટાડવા પેટા-વિભાગીય કચેરીના સ્તર સુધી સઘન નિયંત્રણ રાખવામાં આવી રહ્યું છે તેમ જ વધારે ખાધ બતાવતાં નબળા વિસ્તારોની જાણકારી મેળવવા, પ્રણાલીઓ પર સારા નિયમન માટે ટ્રાન્સફોર્મર કેન્દ્રો પરમીટર પૂરાં પાડવામાં આવ્યા છે.
- વીજ રેષા અને સાધનોની નિયમિત અને નિયતકાલીન મરામત.
- લોક-જાગૃતિ માટે વીજબીલોની સાથે વીજ બચતના પગલાંઓનોનિર્દેશ કરતી પત્રિકાઆ
- આપવામાં આવે છે. વર્ષ દરમિયાન, તમામ વર્ગના કર્મચારીઓની સહભાગીતા સાથેનો વીજ સંરક્ષણ અંગેનો પરિસંવાદ પણ યોજવામાં આવ્યો હતો.
- કંપનીએ પોતાની કચેરીના પરિસર તથા રહેણાંક વસાહત માટે, વીજ બચત માટે ૩૨૪૫ જેટલા સીએફએલ તથા ૧૨૮૩ જેટલા વીજળીક સમતુલકો ખરીદ્યા છે તથા તેઓનું સ્થાપન કર્યું છે.
- તકનીકી ખાધમાં ઘટાડો કરવા માટે ૧૯૩૦ જેટલાં વિલક્ષણ ટ્રાન્સફોર્મર શહેરી, ઔદ્યોગીક અને જયોતિગ્રામ ફીડરો પર મૂકવામા આવ્યાં છે. આ પ્રકારનાં બીજા કેટલાક વધુ ઉપકરણો ખરીદીની પ્રક્રિયામાં છે.



## વીજ કંપનીનો વાયરમેન

હું વીજ કંપનીનો વાયરમેન
લાઇનકામે જવા કાયમ તૈયાર.

મેન્ટેનન્સ હોય કે ફોલ્ટનિવારણ,
સલામતીનો કરું સદા વિચાર.

સલામતીનાં સૌ સાધન બધાં
સાથે લઈ, સાથી સ્ટાફ તૈયાર.

લાઇનક્લિયર કે સ્વિચ કાપીએ,
પહેલા ફીડર પાકું કરું બરાબર.

વીજ થાંભલે હું ચડું એ પહેલા,
લાઇનબંધ છે નક્કી કરું બે વાર.

અર્થિંગ હું પહેલા કરી લઉં,
સલામતીનું એ મારું હથિયાર.

શાંતમનથી કુશળ કામ કરું હું,
કરું કદી નહિ ખોટી ઉતાવળ.

હસતો નોકરી હું આવું સવારે,
એવો હસતો જાઉં સાંજે ઘર.

નામ પ્રભુનું, કામ કંપની તણું,
કરતો રહું મુજ પરિવાર જતન.

હું વીજ કંપનીનો વાયરમેન,
લાઇનકામે જવા કાયમ તૈયાર.

**- ઘનશ્યામ પટેલ**
**નાયબ ઈજનેર, વિજાપુર**

## ઈ-ઊર્જા

નૂતન વર્ષના નવલા પ્રભાતે, ઈ-ઊર્જાનો થયો ઉજાસ
અમે સૌ છડીદાર ઈ-ઊર્જાના, છે અડગ આત્મવિશ્વાસ.

મહેનત કરીશું ખંતથી, અમે સુત ગરવી ગુજરાતના
તિમિરને દૂર કરી, દીપ પ્રગટાવ્યા ઈ-ઊર્જાના.

અમે છીએ વચનબદ્ધ, જી. યુ. વી. એન. એલ.ને -
ઈ-ઊર્જામાં કામ કરીશું, સંકટ-અવરોધ દૂર કરીને.

રાહબર ઈ-ઊર્જાના અમારા, તત્પર છે યુ. જી. વી. સી. એલ.માં
વિશ્વાસ, વફાદારી અને વિકાસ, અમારો છે ઈ-ઊર્જા

મંદિર સુંદર રુપાળું, એમાં ઇષ્ટદેવ છે ઈ-ઊર્જા,
સંકટ, ભીતિ અને ભ્રમને, કહીએ કે દૂર હવે થઈ જા.

**જે. ડી. શ્રીમાળી**
સિનિયર આસિસ્ટન્ટ, વિભાગીય કચેરી, વીસનગર.

## ગેટ્રી એક ગુરુકુળ

(ગુજરાત એનર્જી ટ્રેઇનિંગ અને રિસર્ચ
ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા)

શબ્દ એક શોધો ત્યાં સહિંતા નીકળે,
કૂવો જ્યાં ખોદો ત્યાં સરિતા નીકળે.

હજી ક્યાંક ધબકે છે લક્ષ્મણની રેખા,
કે જ્યાંથી રાવણો બધા બીતા નીકળે.

રાજા જનક જેવો પિતા જો હળ લઈ ખેડે,
તો આ ભૂમિમાંથી હજીએ સીતાજી નીકળે.

અજબ તાસીર છે આ ભૂમિની,
કે વાવો મહાભારતને એમાંથી ગીતાજી નીકળે.

હોય વાત અભ્યાસ કે તાલીમની
દીવો લઈ શોધો તોય ગેટ્રી જેવું
ગુરુકુળ ના મળે.

**- રાજેન્દ્ર ગઢવી,**
વઢવાણ પેટા વિભાગીય કચેરી
પી. જી. વી. સી. એલ., વઢવાણ

## જાઉં છું

બંધ ઘરમાં રોજ તારી યાદ લઈને જાઉં છું,
યાદ લઈને જાઉં છું, હું ચાંદ લઈને જાઉં છું.

હું ખરેખર ભાગ્યશાળી થઈ ગયો છું એટલે,
જ્યાં જાઉં ત્યાં બધે વરસાદ લઈને જાઉં છું.

એકલો ને એકલો એકાંતમાં હું જાઉં છું,
મૌન છું ને મૌનના સંવાદ લઈને જાઉં છું.

સાવ ખાલી જાત લઈને ક્યાંય પણ જાતો નથી,
જ્યાં જાઉં છું ત્યાં હૃદયના સાદ લઈને જાઉં છું.

હું કરું છું ઊર્મિઓની કાયમી આરાધના
ને ગઝલની આરતી પરસાદ લઈને જાઉં છું.

આ સભાની રોશનીમાં હું બધાના હોઠથી
એક સરખી એક તરફી દાદ
લઈને જાઉં છું.

**- એ. બી. પટેલ**
જૂનિયર એન્જિનિયર (વિ. સ.),
કોર્પોરેટ ઑફિસ મહેસાણા

## સમયની કિંમત

- એક વર્ષની કિંમત જાણવી હોય તો, જે વિદ્યાર્થી નપાસ થયો હોય તેને પૂછો.
- એક મહિનાની કિંમત જાણવી હોય તો, જે માએ એક માસ વહેલું પ્રી-મેચ્યોર બાળકને જન્મ આપ્યો હોય તેને પૂછો.



- એક અઠવાડિયાની કિંમત જાણવી હોય તો, સાપ્તાહિક અખબારના તંત્રીને પૂછો.
- એક કલાકની કિંમત જાણવી હોય તો પોતાના પ્રેમીની રાહ જોઇ ઊભેલી વ્યક્તિને પૂછો.
- એક મિનિટની કિંમત જાણવી હોય તો સ્હેજ માટે ટ્રેન ચૂકી ગયા હોય તેને પૂછો.
- એક સેકન્ડની કિંમત જે વ્યક્તિનો અકસ્માત થતાં થતાં રહી ગયો હોય તેને પૂછો.
- એક મિલિ સેકન્ડની કિંમત જાણવી હોય તો ઓલિમ્પિકમાં રજતચંદ્રક મેળવનારને પૂછો.

**તમારી પાસે છે તે દરેક ક્ષણને સાચવો**
**વધુ ને વધુ સાચવો કારણ કે તે ક્ષણ**
**તમે તમારી ખાસ વ્યક્તિ સાથે વીતાવો છો.**
**યાદ રાખો સમય કોઇના માટે રોકાતો નથી.**
**ગઇ કાલ ઈતિહાસ થઇ ગયો.**
**આવતી કાલ રહસ્ય હશે**
**આજ સોગાત છે!**
**જેથી જ તેને આપણે પ્રેઝન્ટ કહીએ છીએ.**

# ટાઈમ મેનેજ કરો, આ રીતે...

ભારતીય પુરુષ અને મહિલાઓની દિનચર્યા જુદી જુદી હોય છે.

પુરુષો સવારે ઊઠીને ચા પીતાં પીતાં પેપર વાંચે, ફટાફટ દાઢી બનાવી-નાહીને તૈયાર થાય, રૂમાલ, ઘડિયાળ, મોબાઇલ, પત્ની પાસે માગે, ઓફિસે જાય. ઓફિસમાં મીટિંગો, કોન્ફરન્સ, અનેક સ્ટાફ મેમ્બરની સમસ્યાઓ સાંભળવાની, ઓફિસનું કામ ખોરંભાય નહીં તે જોવાનું, અડધો-પોણો દિવસ સ્ટ્રેસમાં વીતે, ઘેર મોડા પહોંચે, જમ્યા પછી પરિવાર સાથે વાતચીત કરવાની પણ શક્તિ ન હોય અને - ગુડનાઇટ!

મહિલાઓની સવાર પડે એટલે... ચા-નાસ્તો બનાવતાં બનાવતાં, બાળકોને ઉઠાડીને તૈયાર કરવાં, કામવાળી પર નજર રાખવી, નોકરી કરતાં હોય તો બેચાર કોળિયા ખાઇને ઓફિસની દોટ મૂકવી, આવતી વખતે બાળકોને પીક અપ કરવાં, કરિયાણું ખરીદવું, ઘેર પહોંચ્યા પછી ફરીથી રસોડામાં રાત્રિભોજનની તૈયારી, બાળકોનું હોમવર્ક પછી હાશ.. દિવસ પૂરો.

એવું જ લાગે છે ને કે આ તમારા ઘરની જ દિનચર્યા છે? આમાંથી તમે તમારા પોતાના માટે ક્યારે, કેટલો અને કેવો સમય કાઢી શકો છો? આ દોડધામમાં તમને ખબર પણ નથી પડતી કે તમારા જીવનમાં એ નવી બાબતે પ્રવેશ કરી લીધો છે - એ છે સ્ટ્રેસ. આજે તે દરેકનો મિત્ર બનવાનો પ્રયત્ન કરે છે. પણ તમે તેને જલ્દી રવાના કરો, આ માટે માત્ર ટાઇમ મેનેજમેન્ટ કરવાની જરૂર છે. અહીં કેટલીક ટિપ્સ આપી છે જે તમને તમારા ટાઇમ મેન્જમેન્ટમાં મદદ કરશે.

**તમારા કાર્યોની પ્રાથમિકતા નક્કી કરી દો.**

આ માટે તમારે તમારાં રોજનાં કાર્યોની એક સૂચિ તૈયાર કરવી જરૂરી છે. કોઈ કામને અવગણવું નહીં. સૂચિ મોટી થઇ ગઇ હોય તો કામની વહેંચણી કરો અને તે પૂર્ણ કરવા પ્રયત્ન કરો. સાંજનો અથવા રાતનો એક સમય નિશ્ચિત કરો કે જ્યારે તમે પરિવાર સાથે ઓછામાં ઓછો અડધો કલાક વીતાવી શકો.

**જે કાર્ય હાથમાં લો તે પ્રથમ વારમાં જ પૂર્ણ કરો.**

એક કાર્ય હાથમાં લીધું તેને સમજીને પૂર્ણ કરવાનો આગ્રહ રાખો. જો તેમાં ભૂલ થઇ અથવા તે ફરી વાર કરવાનું આવશે તો તમારું ટાઇમ મેન્જમેન્ટ બગડી જશે. જે કાર્ય હાથમાં લો તે શાંત ચિત્તે કરો, ઉતાવળે તે કાર્યની ગુણવત્તા જળવાશે નહીં પરિણામે સ્ટ્રેસ વધશે.

**સમય બગાડો નહીં.**

ક્યારેક એવું થાય છે કે આપણને કંઇ સૂઝતું નથી અથવા આવડતું નથી અથવા કોઇ કાર્ય 'કાલે કરીશું અથવા પછી કરીશું' કહીને ટાળી દઇએ છીએ. કાર્ય સમજી લો, ન આવડતું હોય તો શીખી લો, સૂઝતું ન હોય તો બીજાની સલાહ લો અને ટાળમટોળ ન કરો.

**કામ વહેંચી લો.**


જો ટાઇમ મેનેજમેન્ટ તમારું ધ્યેય હોય તો તમારાં કાર્યોને યોગ્ય રીતે વહેંચી દો. આમ કરવાથી તમારો સમય બચશે. જો જરૂર પડે તો કામોની અદલાબદલી કરી નાખો. પતિ-પત્ની કામની વહેંચણી કરી લે તો બંને સ્ટ્રેસફ્રી જીવી શકશે.

**ધ્યેય નક્કી કરો, પાર પાડો, જાતને ઈનામ આપો.**




પહેલેથી નક્કી કર્યા અનુસાર કામ કરશો તો તેની ગુણવત્તા ચોક્કસ બહેતર રહેશે. તમે કામ સમયસર, સારી રીતે પૂરું કરી શકશો, ઉપરી અધિકારીનો સંતોષ જીતી શકશો અને ખાસ તો, તમારો આત્મવિશ્વાસ વધશે. એવું કરી શકો તો ખુદને કંઈક ઇનામ પણ આપો! સૌને થોડો વિશ્રામ જોઇતો હોય છે. પરિવાર સાથે બેસીને ફિલ્મ જોવાથી, બાગમાં ફરવા જવાથી, મિત્રોને આમંત્રણ આપવાથી મગજનો સ્ટ્રેસ ઓછો થશે અને બીજા દિવસના કાર્ય માટે નવી ઊર્જા મળશે. ટાઇમ મેનેજમેન્ટ કરશો તો આ બધું શક્ય છે.

# રીન્યુએબલ એનર્જી હેન્ડબુકઃ ઊર્જા સ્વતંત્રતા માટેનું માર્ગદર્શન



લેખક : વિલિયમ એચ. કેમ્પ
કુલ પાનાં : ૫૯૨




જેમ જેમ ઓઇલની કિંમત વધતી જાય છે તેમ તેમ વીજળીના વૈકલ્પિક સ્રોત વિશેના વિચાર સઘન બનતા જાય છે. પુસ્તક 'રીન્યુએબલ એનર્જી હેન્ડબુક' એ ગ્રામિણ સ્વતંત્રતા અને વસવાટ યોગ્ય ઊર્જા માટેના માર્ગદર્શન પર લખાયું છે.

પુસ્તકના લેખક અને એન્જિનિયર વિલિયમ એચ. કેમ્પ નાના અને મધ્યમ સ્કેલની રીન્યુએબલ એનર્જી ટેક્નોલોજી શોધવા, તેની ડિઝાઇન બનાવવા અને વૈકલ્પિક ઊર્જાના નિષ્ણાત છે. રીન્યુએબલ એનર્જી ટેક્નોલોજીના પરિણામે સીમિત કુદરતી સંસાધનોનો ઉપયોગ કરતી પરંપરાગત વીજળી પરનું અસહ્ય ભારણ ઘટ્યું છે.

રીન્યુએબલ એનર્જી હેન્ડબુકમાં આવશ્યકતા પ્રમાણેની રહેઠાણો માટે પૂરતી ઊર્જા મેળવવી, એનર્જી બચાવનાં પગલાં લેવાં, પાવરનો બેકઅપ લેવો, ઘરેલુ વોટર હીટર, વાયરલેસ કમ્યુનિકેશન્સ, ફોટોવોલ્ટેક, વિન્ડ અને માઇક્રોહાઇડ્રો એનર્જી જનરેટ કરવી, બેટરી અને ઇન્વર્ટર્સની પસંદગી કરવી વગેરે વિશે વિસ્તારપૂર્વક સમજ આપી છે. પુસ્કત વિદેશી સ્થિતિ અને સંજોગો અનુસારનું છે, પરંતુ આપણને પણ તેમાંથી ઘણું ભાથું મળી શકે તેમ છે. આ પુસ્તકટોપ-સેલિંગ ટેક્નોલોજી પુસ્તક તરીકે અને આ ક્ષેત્રનું ઉત્તમ પુસ્તક તરીકે જાણીતું થયું છે. ■

## વરસાદની ઋતુમાં ઈલેક્ટ્રિક સેફ્ટી ટિપ્સ



વરસાદની ઋતુ શરૂ થવા સાથે ઈલેક્ટ્રિક શોક જેવા વીજ સંબંધિત અકસ્માતોની શક્યતા વધી જાય છે. ઈલેક્ટ્રિક ઉપકરણો વાપરતી વખતે જાણવા જેવી સામાન્ય વાતોથી ઘણા લોકો અજાણ હોય છે તેથી જ અકસ્માતો થાય છે. જાણી લો કેટલીક સેફ્ટિ ટિપ્સ...

તમારા ઘરમાં કરાયેલું વાયરિંગ અને યોગ્ય અર્થિંગ કોઇ લાયસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર પાસે કરાવવું જેથી લૂઝ કોન્ટેક્ટ્સ અને શોર્ટ સર્કિટ થવાની શક્યતાઓને ટાળી શકાય.

વરસાદમાં તમારા મકાન કે બિલ્ડિંગની દિવાલોમાં પાણીના લીકેજથી વાયરિંગને અસર થાય છે કે કેમ તે તપાસી લો. વાયરિંગ અને તેના જોઇન્ટ્સમાં વ્યવસ્થિત ઇન્સ્યુલેશન કરાવવું જરૂરી છે. ઇલેક્ટ્રિકલ ઉપકરણોને બારી અથવા બાલ્કનીથી દૂર રાખવાં.

તમારા ઘરમાં વિન્ડો એરકન્ડિશનર હોય તેને ચાલુ-બંધ કરવા માટે માત્ર રીમોટનો ઉપયોગ ન કરવો. બંધ કરવું હોય તો તેની મેન સ્વિચમાંથી જ કરવું. એરકન્ડિશનર અને વરસાદ બંનેને કારણે લાગેલા ભેજને લીધે ભીની થયેલી બારીની ગ્રિલ દ્વારા પણ શોક લાગી શકે છે. સારી કંપનીના ત્રણ પીનવાળાં સોકેટ અને પ્લગ વાપરવાં જોઇએ જેમાં રાખેલી ત્રીજી પીન દ્વારા લીકેજ થતા કરન્ટને રોકી શકાય છે અને શોક લાગતો નથી.

**વીશ યુ હેપ્પી એન્ડ સેફ મોન્સુન!**




**૧. નીચે આપેલી કઇ પ્રક્રિયાથી શોક ન લાગે?**

એ. પાવરલાઇન પર પતંગ ફસાવાથી
બી. વીજળીના તારને ધાતુની વસ્તુ અડાડવાથી
સી. પાવરલાઇનથી દૂર રહેવાથી
ડી. વીજઉપકરણ પર પાણીના છંટકાવથી

**૨. આમાંની કઇ વસ્તુ વીજળીનું સૌથી ઉત્તમ વાહક છે?**

એ. હવા
બી. અવકાશ
સી. મીઠાનું પાણી
ડી. કાચ

**૩. ઓલ્ટરનેટિંગ કરન્ટ (એસી) અને ડાયરેક્ટ કરન્ટ (ડીસી)માં શો તફાવત છે?**

એ. એસી પોઝિટિવથી નેગેટિવ તરફ બદલાય
બી. એસી હાઇ વોલ્ટેજથી લો વોલ્ટેજ તરફ જાય
સી. એસી કરન્ટની દિશા બદલે
ડી. એક જ વસ્તુનાં બે જુદાં જુદાં નામો માત્ર છે

**૪. કયા વૈજ્ઞાનિકે વીજળીની શોધ કરી?**

એ. થોમસ એડિસન
બી. બેન્જામિન ફ્રેન્કિલન
સી. અલેસેન્ડ્રો વોલ્ટા
ડી. ઉપર આપેલા એક પણ નહીં

**૫. શા માટે હૃદયરોગીઓને ઘણીવાર વીજળીના ઝટકા આપવામાં આવે છે?**

એ. હિચકીની જેમ જ, માત્ર તેમને ડરાવવા માટે
બી. તેમના શરીરમાં વીજળીનો કરંટ ઓછો હોય છે તેથી તેને ઉત્તેજિત કરવા
સી. સ્નાયુઓના પ્રતિકારમાંથી બહાર આવવા શરીરને સંચારિત કરવા
ડી. વીજળીના ઝાટકાથી હૃદયની સર્કિટ સુચારુ રીતે કાર્ય કરે છે અને તેના સ્નાયુઓ તેની રીધમ ફરીથી મેળવી લે છે.

(જવાબ શોધી કાઢો આ અંકમાં જ)



# ચાલો, ઊર્જાજ્ઞાનની રોમાંચક સફરે

ઊર્જા એટલે કે એનર્જી એ સૃષ્ટિનો સૌથી પાયાનો ભાગ છે.

આપણો કામ કરવા માટે એનર્જી વાપરીએ છીએ. એનર્જીથી શહેરોમાં પ્રકાશ ફેલાય છે. એનર્જીથી વાહનો, ટ્રેન, પ્લેન, રોકેટ્સ ચાલે છે, ઊડે છે. એનર્જીથી આપણાં ઘર હૂંફાળાં રહે છે ને એનર્જીથી જ આપણને ઠંડક મળે છે. તેનાથી ભોજન તૈયાર થાય છે, સંગીત વાગી શકે છે, ટેલિવિઝનમાં ચાલે છે. એનર્જીથી ફેક્ટરીમાં મશીનો અને ખેતરોમાં ટ્રેક્ટરો ચાલે છે.

સૂર્યમાંથી મળતી એનર્જી આપણને આખો દિવસ પ્રકાશ આપે છે. તેના દ્વારા ધોયેલાં કપડાં સૂકાઇ જાય છે. તે પ્રકાશથી વૃક્ષો ઊગે છે. વૃક્ષોમાં જમા થયેલી એનર્જી પ્રાણીઓને મળે છે કારણ કે તેઓ લીલાં પાંદડાં ખાય છે.

સૃષ્ટિ પર દરેક વસ્તુ એકબીજા સાથે એનર્જી સાથે જોડાયેલી છે.

તો સવાલ એ છે કે આવી, અતિ ઉપયોગી એનર્જી આખરે છે શું?

એનર્જીની વ્યાખ્યા આમ થઇ શકે :

એ વસ્તુ જે આપણને કામ કરવા માટેની શક્તિ આપે છે તે એનર્જી એટલે કે ઊર્જા છે. આપણે જ્યારે ખોરાક લઇએ છીએ ત્યારે તે ખોરાક શરીરમાં ઊર્જા બની જાય છે અને તે ઊર્જાને સહારે આપણે કાર્ય કરી શકીએ છીએ. આપણે જ્યારે ચાલીએ, દોડીએ કે કોઇ બીજું કામ કરીએ ત્યારે શરીરની ઊર્જા બળે છે, આપણે જ્યારે વિચારીએ કે વાંચીએ અથવા લખીએ તો પણ ઊર્જા વપરાય છે.

કોઈ પણ કામ એટલે કોઇ વસ્તુ ખસેડવી, ઊપાડવી, કોઇ વસ્તુ ગરમ કરવી, કોઇ વસ્તુને પ્રગટાવવી વગેરે બધું એનર્જીને આભારી છે.

તો સવાલ એ થાય કે આ એનર્જી કે ઊર્જા આવે છે ક્યાંથી? એનર્જીના વિવિધ પ્રકારો છે તે નીચે દર્શાવ્યા છે જેના વિશે આપણે દરેક અંકમાં થોડું થોડું જાણીશું.

- વીજળી – ઇલેક્ટ્રિસિટી
- સોલર એનર્જી
- બાયોમાસ એનર્જી – છોડમાંથી મળતી ઊર્જા
- જીઓથર્મલ એનર્જી
- ફોસિલ ફ્યુઇલ્સ – કોલસો, તેલ અને નેચરલ ગેસ
- હાઇડ્રો પાવર અને ઓશન એનર્જી
- ન્યુક્લીઅર એનર્જી
- વિન્ડ એનર્જી
- ટ્રાન્સ્પોર્ટેશન એનર્જી

તો તૈયાર છોને, એનર્જીની રોમાંચક સફર પર જવા માટે? નવા નવા અંક જોતા રહેજો!






## સોલર એનર્જીનાં દેખીતાં ઉદાહરણ

સોલર એનર્જી સૂર્યમાંથી આવે છે જે સીધી પૃથ્વી પર પહોંચે છે. સોલર એનર્જી પ્રકાશના રૂપમાં આવે છે, જ્યારે આ પ્રકાશ પૃથ્વી પર આવે છે ત્યારે તેના દ્વારા ગરમી અથવા ક્યારેક વીજળી ઉત્પન્ન થાય છે. ચાલો જોઈએ સોલર એનર્જીના કેટલાક દેખીતા દાખલા...

**૧. દરિયા કિનારાની રેતી**

જો તમે ક્યારેક ઉનાળાની બપોરે દરિયા કિનારે ગયા હશો તો ખબર હશે કે દરિયા કિનારાની રેતી પગ દાઝી જાય એટલી ગરમ હોય છે. આવું થાય છે સોલર એનર્જીને કારણે.



**૨. રંગો અને સોલર એનર્જી**

ઘાટા રંગો અને લીસી સપાટી ગરમી શોષે છે. જેથી ડામરના રસ્તા અને કોઇ ધાતુની લીસી સપાટી રેતી કરતાં વધુ ગરમ થાય છે અને ઉનાળામાં ઘાટા રંગના કપડાં પહેરીએ તો વધુ ગરમી લાગે છે.

**૩. દીવાલ અને જમીન પર**

દિવસ દરમિયાન દીવાલો કે જમીન ગરમ થઇ હોય તે સાંજે સૂર્ય આથમ્યા પછી વધુ ગરમ લાગતાં હોય છે કારણ કે તે સમયે તેમાં રહેલી ગરમી બહાર નીકળે છે.

**૪. ગરમ પાણીનું હીટર**

ધાતુની ટાંકી લઈ, તેને કાળો રંગીને, તેમાં પાણી ભરીને છત પર મૂકો તેમાં ભરેલું પાણી સૂર્યની ગરમીથી ગરમ થઇ જશે. તેને જોડેલી પાઇપ ઘરમાં લેશો તો ગરમ પાણી મળશે!

# આવો, સરળ ભાષામાં સમજીએ સોલર એનર્જી

આજના સમયમાં કુદરતી સંસાધનોની સતત ખેંચ વર્તાઈ રહી છે ત્યારે ઊર્જાના વૈકલ્પિક સ્રોતો વિકસાવવા અનિવાર્ય બની ગયા છે. આવો આજે સમજીએ આવા એક અખૂટ સ્રોત – સૂર્યઊર્જાને.

સૂર્યકિરણોની મદદથી ગરમી–ઊર્જા ઉત્પન્ન કરીને વિદ્યુતશક્તિ પેદા કરી શકાય છે, આને કહેવાય છે સોલર એનર્જી. ઊર્જાનું આ એક એવું સાધન છે, જેનાથી પર્યાવરણ બિલકુલ પ્રદૂષિત થતું નથી.



સોલર એનર્જીનાં મુખ્યત્વે બે સ્વરૂપ હોય છે :

૧. સોલર થર્મલ કન્વર્ઝન

૨. સોલર ફોટોવોલ્ટેક કન્વર્ઝન

સોલર થર્મલ કન્વર્ઝનમાં, સૂર્યપ્રકાશના ઉપયોગથી ગરમી પેદા કરવામાં આવે છે અને તેમાંથી વિદ્યુતશક્તિ મેળવાય છે.

જ્યારે સોલર ફોટોવોલ્ટેકમાં ખાસ પ્રકારનાં મટિરિયલમાંથી બનેલી શીટ્સથી સૂર્યમાંથી વિદ્યુતશક્તિ મેળવાય છે. ફોટોવોલ્ટેકમાં ફોટો એટલે પ્રકાશ અને વોલ્ટેક એટલે ઇલેક્ટ્રિક. એટલે કે પ્રકાશ દ્વારા મળતી વીજળી.

સોલર થર્મલ કન્વર્ઝનમાં અરીસા અથવા રીફ્લેક્ટર્સનો ઉપયોગ કરીને સૂર્યનાં કિરણોને કેન્દ્રિત કરીને તીવ્ર ગરમી પેદા કરવામાં આવે છે. આપણે મેગ્નિફાઈંગ ગ્લાસ કાગળ પર ધરીને કાગળ સળગાવીએ છીએ, બિલકુલ એમ જ!

સોલર થર્મલ કન્વર્ઝનમાં સોલર પેનલ્સમાં પાણી કે અન્ય પ્રવાહી ભરેલાં કન્ટેઇનર્સ પર સૂર્યકિરણો કેન્દ્રિત કરવામાં આવે છે.જ્યારે સૂર્યનાં કિરણો આ પીવી પેનલ પર પડે છે તેમાંની ઘણી ઊર્જા આ પેનલ દ્વારા એબસોર્બ થાય છે. તેથી તેમાંનું પાણી કે અન્ય પ્રવાહી ગરમ થાય છે. તેનાથી વરાળ પેદા થાય છે અને તેનાથી ટર્બાઇન ચલાવીને વિદ્યુત મેળવવામાં આવે છે.

સોલર ફોટોવોલ્ટેક કન્વર્ઝન પદ્ધતિમાં ફોટોવોલ્ટેક સેલ્સનો ઉપયોગ થાય છે. આવા સેલ્સની પેનલ્સ હોય છે, જેમાં બે અલગ અલગ મટિરિયલ્સમાંથી બનેલાં સ્તર હોય છે. જ્યારે સૂર્યકિરણો આ પેનલ્સ પર પડે છે ત્યારે એક સ્તર પોઝિટિવલી ચાર્જ્ડ થાય છે અને બીજું નેગેટિવલી ચાર્જ્ડ થાય છે. આથી વિદ્યુત પેદા થાય છે!

ઘરના વપરાશ માટે સોલર એનર્જી એકઠી કરવી એ સરળ પ્રક્રિયા છે. આ માટે કાળી ધાતુ કે લાકડાનું બોક્સ ડિઝાઇન કરવામાં આવે છે અને છત પર ઇન્સ્ટોલ કરવામાં આવે છે. જે અંદરથી કાળું હોય છે અને તે સારી રીતે ઇન્સ્યુલેટ કરેલું હોય છે જે સૂર્ય ઊર્જાને આકર્ષે છે અને તેને અસરકારક રીતે શોષે છે. બોક્સની અંદર સેમિકન્ડક્ટર મટીરિયલ અથવા પાઇપિંગ હોય છે.

જો ગરમ પાણી કરવા માટે તે વાપરવાનું હોય તો બોક્સમાં ઝિગઝેગ પેટર્નની કોપર પાઇપિંગ હોય છે જેના દ્વારા પાણી પસાર થાય છે અને સૂર્ય ઊર્જા દ્વારા તે ગરમ થાય છે. જો સોલર એનર્જી પેનલ વપરાશમાં હોય તો ગરમ થયેલું પાણી સારી રીતે ઇન્સ્યુલેટ થયેલા સ્ટોરેજ ટેંકમાં ભેગું થાય છે.

આપણે સૌએ સૂર્યઊર્જા વિશે સજાગ થવું અનિવાર્ય છે કેમ કે ભવિષ્યનો મુખ્ય સ્રોત એ જ છે!

## સૂર્યઊર્જા વિશે જાણવા જેવું

- પૃથ્વી પરની સમગ્ર માનવ વસતિ એક આખા વર્ષમાં જેટલી ઊર્જા વાપરે છે તેના કરતાં વધુ ઊર્જા સૂર્ય ફક્ત એક કલાકમાં આપે છે.
- પૃથ્વી પરની લગભગ ૨ અબજ જેટલી વસતિને હજી પણ વીજળીનો લાભ મળતો નથી.
- વીજળીથી વંચિત મોટા ભાગની વસતિ વિકાસશીલ દેશોમાં છે અને આ દેશોને સૌથી વધુ સૂર્યપ્રકાશ મળે છે. આથી દેશોમાં સોલર પ્રોડક્ટ્સના વિકાસની સૌથી વધુ શક્યતા છે.
- અમેરિકાની વસતિ વિશ્વની વસતિનો માત્ર ૫ ટકા ભાગ છે, પણ તેઓ વિશ્વની ૨૬ ઊર્જા વાપરી નાખે છે.
- સૂર્યપ્રકાશ દર સેકન્ડે ૧૮૬,૨૮૨ માઇલ્સનું અંતર કાપીને, ૯૩,૦૦૦,૦૦૦ માઇલનું અંતર લગભગ ૮ મિનિટમાં કાપીને પૃથ્વી પર પહોંચે છે.
- સૂર્યઊર્જા કિલોવોટ-અવરમાં માપવામાં આવે છે. ૧ કિલોવોટ = ૧૦૦૦ વોટ્સ.
- ૧ કિલોવોટ-અવર એટલે ૧૦૦ વોટના એક બલ્બને ૧૦ કલાક સુધી ચાલુ રાખવા માટે જોઈતી વીજળી.
- એક અંદાજ પ્રમાણે, ૨૦૪૦ સુધીમાં પૃથ્વી કુલ ઊર્જાની જરૂરિયાતમાંથી ૫૦ ટકા સૂર્યઊર્જામાંથી મેળવાતી હશે!

(ઇન્ટરનેટ પરથી સંકલિત)

પાવર ક્વિઝના જવાબ : ૧. સી. ૨. સી. ૩. એ.૪. ડી. ૫. સી.

# સ્વર્ણિમ ગુજરાતના સર્જન માટે સતત સક્રિય...



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ


UGVCL

આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર કે આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)ને મોકલી શકો છો.


cs@ugvcl.com
kinjalsathwara@ugvcl.com
sanaik_41262@yahoo.co.in